

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ફરી, બેઠકોમાં - સમજુતિની વકી થશે!
નક્કી થશે ભાવિ કે અહં ખૂબ જક્કી થશે?
ને ઝૂકી જશે સત્તા કે ખેડૂતો છક્કી જશે!!
આંસુ ને ધમકી ધારે ટકૈત ટકી જશે?!
(બીજો રાઉન્ડ શરૂ)

**હાઈકુ**

પછી છે ગાંઠ -
બંધારણ બહાને -
છૂટતી નથી !
(આંદોલનની આંટી)

લ્યો ! જીડીપી ને
કરાવે ચડઉતર -
વાંદરા જેમ !!
(સીતાબેનની રમત)

### ચિંતન

*શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રંથકોટિભિઃ ।*
*બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ ॥*

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે સનાતન સત્યને કરોડો ગ્રંથમાંથી કહેવામાં આવ્યું છે તેને અડધા શ્લોકમાં કહીએ તો બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે જીવ એ બ્રહ્મસ્વરુપ છે અને તેનાથી ભિન્ન નથી. વેદાંતની આ વાતને ખૂબ સારી રીતે સમજી લેવાની જરૂર છે. અહીં પારમાર્થિક સત્યની વાત કરવામાં આવે છે. બાકી વ્યાવહારિક દૃષ્ટિએ જગત મિથ્યા છે. એમ કહી તેના અસ્તિત્વને નકારી શકાય તેમ નથી. વ્યવહારિક દૃષ્ટિએ વિચારીએ તો જગત પણ સત્ય છે, આ સત્યનું દૃઢપણે સંપૂર્ણ જ્ઞાન થઈ ગયા પછી પણ સંસારમાં રહીને આપણે જે કંઈ કરતાં હોઈએ છીએ, તે બધું વ્યવહારિક દૃષ્ટિએ સત્ય હોવાથી શાસ્ત્રોની મર્યાદામાં રહીને આપણે આચરણ કરવું રહ્યું.

### સુવિચાર

- તેજ હવાઓં સે ન ડર, વો તો આઈ હૈ તુઝે ઊંચે ઉઠાને કે લિયે....!! - **ઇકબાલ**
- પરિશ્રમ કર્યા વિના વિશ્રામ ન મળે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેનો જન્મ ખરાબ છે તે ક્ષમ્ય છે,
  પરંતુ જેનું કર્મ ખરાબ છે તે દંડને પાત્ર છે - **મોરારિ બાપુ**
- પક્ષાઘાત સારો, શ્રદ્ધાઘાત નહિ સારો.
  શ્રદ્ધા જયારે ખલાસ થશે પછી જીવી શકાય નહિ! - **ધર્મલોક**
- કોઈ પણ કાળમાં જે પરિવર્તિત નથી થઈ શકતું,
  અને એને જ સત્ય કહે છે. જે પ્રત્યેક કાળમાં શાશ્વત બની રહે છે - **ડો. ચંદ્રાકન્ત મહેતા**
- ‘જીભ’ સુધરી જાય તો દુનિયામાં બધી અદાલતો,
  અડધી હોસ્પિટલો બંધ થઈ જાય - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ફુદીનાના તાજા પાનનો રસ ૩ ટીપા સવાર સાંજ કાનમાં નાખવાથી કાનનો દુઃખાવે મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ટીએન શેષાન ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર હતા તે વખતની વાત. ઉત્તરપ્રદેશના પ્રવાસ વખતે તેમના પત્ની જયલક્ષ્મી શેષાન પણ તેમની સાથે હતા. ત્યાં નજીકના વૃક્ષો અને સુંદર સ્વચ્છ વાતાવરણથી તેઓ પ્રભાવિત થયા. નજીકમાં ઘટાદાર વૃક્ષો પર સુઘરીના માળા જોયા. જયલક્ષ્મીને લાગ્યું કે આપણાં ઘરના બગીચા માટે આવા બે ત્રણ માળા લઈ જવા. એમણે શેષાનને વાત કરી નજીકના ખેતરમાંથી એક અઢારેક વર્ષના યુવાનને બોલાવીને કહ્યું, ‘ભાઈ એક માળાના તને દસ રૂપિયા આપીશું. ત્રણ માળાનાં ત્રીસ રૂપિયા મળશે’ યુવાને નકારમાં માંથું હલાવ્યું. શેષાને કહ્યું, ‘ભાઈ, દસ રૂપિયા ઓછા લાગતા હોય તો પચાસ આપીશું.’ યુવાનને ખ્યા આવી ગયો તે માળા માંગનાર કોઈ મોટા સરકારી અધિકારી હસ્તી છે. યુવાને શેષાનને કહ્યું, ‘સાહેબ, પૈસાનો સવાલ જ નથી. તમે ગમે તેટલાં પૈસા આપશો તો પણ હું માળો ઉતારવાનો નથી. કારણ કે તે માળામાં સુઘરીના બચ્ચા શાંતિથી અને વિશ્વાસથી સૂતા છે. સાંજે તેમની મા ચાંચમાં ખાવાનું ભરીને આવશે. માળા અને બચ્ચા ને દેખાય તો કેટલો આક્રોશ કરશે. તે માતાનું દર્દ મારાથી સહન નહીં થાય. કોકનુ ઘર તોડવું તે પાપ છે. અને હું પાપ નહીં કરું.’ યુવાનનો જવાબ સાંભળી શેષાન અને તેમના પત્ની જયલક્ષ્મી મૌન થઈ ગયા. અને ચૂપચાપ રવાના થયા.

# શંકરસિંહની ઘરવાપસી કોંગ્રેસને લાભદાયી

**તંત્રીસ્થાનેથી...**

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ - મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણી સમયે જ ગુજરાતના રાજકારણમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસમાં પ્રવેશ અપાવવા માટેનાં ચક્રો ગતિમાન થયાં છે. આ ચૂંટણીઓ ૨૦૨૨માં આવનારી વિધાનસભાની ચૂંટણીઓના રિહર્સલ જેવી સાબિત થશે. નવા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ભારતીય જનતા પાર્ટીને નવો ઓપ આપવાનો પ્રયાસ કર્યો છે. ઉમેદવારોની પસંદગીનાં નવાં ધારાધોરણો સિનિયર આગેવાનોને અનુકૂળ આવે એવાં નથી. ઠેર ઠેર પડતા મુકાયેલા ચાલુ કોર્પોરેટરો અને વર્ષોથી પાર્ટી માટે ભોગ આપનારા પાયાના કાર્યકરોનો અસંતોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસમાં પણ ઓછો કકળાટ નથી. જૂથવાદ, નાણાં અને જ્ઞાતિવાદ રાજકારણમાં પ્રસ્થાપિત દૂષણો છે. જે બેઉ મુખ્ય પાર્ટીઓમાં વ્યાપ્ત છે. ભાજપ કેટર બેઝ્‌ડ પાર્ટી હોઈ એમાં શિસ્ત વધુ જોવા મળે છે, છતાં ટિકિટો નહીં મળતાં રાજીનામાં અને બળવાખોરોની ઘટનાઓ તો એમાં પણ બની રહી છે. કોંગ્રેસમાંથી આયાદી ઉમેદવારો ખેંચી લાવવાની જરૂર નહીં હોવાનું કહેતા પ્રદેશ પ્રમુખ માટે આવા અનેક આગેવાનો કે જે શરતી પ્રવેશ મેળવી ચૂક્યા છે અને વાડ ઠેકીને ટિકિટની શરતે આવવા ટાંપીને બેઠાં છે તે મોટી શિરોવેદના બની રહેશે. કાર્યકરો અને ‘લઘુનેતાઓ’ ની આવનજાવન કરતા ધુરંધર નેતાઓની સક્રિયતા વિશેષ નોંધપાત્ર બની રહે તે સ્વાભાવિક છે. ‘બાપુ’ના હુલામણા નામે સમગ્ર ગુજરાતમાં અત્યંત લોકપ્રિય શંકરસિંહ વાઘેલાએ નારાજ થઈને ૨૦૧૭માં કોંગ્રેસને રામ રામ કર્યા હતા. અને વિધાનસભા વિરોધપક્ષના નેતા પદેથી રાજીનામું આપી દીધું હતું. પાર્ટી હાઈકમાન્ડે એમને ઉમેદવારની પસંદગીના મુદ્દે છૂટો દોર નહીં મળતાં એમણે હાઈકમાન્ડ સામે નારાજ થઈ આ આકરું બળકે કેટલાય રાજકીય નિરીક્ષકોની દૃષ્ટિએ આત્મઘાતી પગલું ભર્યું હતું. પરિણામે થોડી બેઠકોની સરસાઈ સાથે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી પુનઃ સત્તારૂઢ થઈ હતી. એ પછીના સમયગાળામાં રાજયસભાની ચૂંટણી આવતાં શંકરસિંહ વાઘેલાના અંગત સ્વજન બળવંતસિંહ રાજપૂત કોંગ્રેસના ધુરંધર નેતા અહમદ પટેલ સામે ચૂંટણી લડ્યા હતા અને અહમદ પટેલને જીતવાં ફાંફાં પડી ગયાં હતા. શંકરસિંહ વાઘેલા ‘વિદ્રોહ નિષ્ણાંત’ નેતા છે. કેશુભાઈ પટેલની પહેરી સરકારને એમને વિદ્રોહ કરી જમીનદોસ્ત કરી હતી એ પછી એમણે રચેલી રાષ્ટ્રી જનતા પાર્ટી કાઠું ન કાઢી શકી એટલે એનો કોંગ્રેસમાં વિલય કરી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્ર સરકારના વસ્ત્રમંત્રી જેવા પદો શોભાવ્યા પછી કોંગ્રેસમાંથી પણ વિદ્રોહ કરી ‘જન વિકલ્પ’ મોરચો રચ્યો હતો. શરદ પવારના આગ્રહથી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના મહામંત્રી તરીકે પણ રહી આવ્યા છે, પણ આખરે એમને એટલું તો સમજાઈ જ ગયું છે કે હવે એંશી વર્ષની વયે માનસિક અને શારીરિક સંદર્ભે તંદુરસ્ત હોવા છતાં કોઈ પણ ઠેકાણે સ્થિર થવામાં શાણપણ છે. ભાજપમાં પ્રવેશી સરખી રીતે ગોઠવાઈ જવાની ઑફરો એમણે સ્વીકારી નથી. અહમદ પટેલના અંતિમ સંસ્કાર વખતે પીરામણ પહોંચી ગયેલા બાપુને કોંગ્રેસનાં ઘણા નેતાઓએ કોંગ્રેસમાં પાછા ફરવા વિનંતી કરી હતી. કોંગ્રેસમાં ખરેખર આ તબક્કે એમના જેવા નીવડેલા ‘માસ લીડર’ ની તાતી જરૂર પણ છે. કોંગ્રેસ અત્યારે નેતાગીરીની ક્રાઈસીસ અનુભવી રહેલી પાર્ટી છે. કેન્દ્રમાં રાહુલ ગાંધીને ફરીથી પાર્ટીનું સુકાન સોંપાય તો પણ પ્રદેશ કક્ષાએ મજબૂત નેતાગીરી વગર કોંગ્રેસ ઉગરી શકે એમ નથી. એટલે શંકરસિંહને એમની જાણીતી શરતો સાથે પણ કોંગ્રેસમાં પ્રવેશ અપાય તો હાલની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓથી લઈ આગામી વિધાનસભાની ચૂંટણી સુધી કોંગ્રેસને મૂર્ચ્છામાંથી બેઠી કરી શકાય એવું ખુદ શંકરસિંહ વાઘેલાના વિરોધીઓ પણ વિચારતા હોય તો નવાઈ નહીં. કોંગ્રેસમાં હતા ત્યારે એમને સંઘ નેતાના અને ભાજપ સાથેના સંબંધો યાદ કરી કરીને હાંસિયે ધકેલવાના કારસા થતા રહ્યા, જેના પરિણામે કંટાળીને આ સ્વમાની ક્ષત્રિય નેતાએ કોંગ્રેસને રામ રામ કરી દીધાં. અગાઉ ગોધરા બેઠક પર લોકસભાની ચૂંટણીમાં એમને હરાવવામાં કોંગ્રેસી સિનિયર નેતાઓની જ ચસમપોશી જવાબદાર હતી. હવે જયારે મોદી - શાહની જોડી કોંગ્રેસનું નામ લખાઈ જાય એ હદે સંકલ્પબદ્ધ થઈ એને રાજકીય નકશામાંથી ભૂંસી રહી છે ત્યારે શંકરસિંહ વાઘેલાની ઘરવાપસી કોંગ્રેસના કલેવરમાં નવા પ્રાણ ફૂંકી શકે એવી શક્યતા નકારી શકાય એમ નથી. આખરે એ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. ફિનિક્ષ પંખીની જેમ પોતાની જ રાખમાંથી બેઠા થવાની ક્ષમતા ધરાવતા આ લોકનેતાનો ટૂંકાગાળાનો ‘ટનાટન’ વહીવટ અને ફટાફટ નિર્ણયો પ્રજા ભૂલી નથી. જો કે બાપુ આખરે બાપુ છે એ પણ હાઈકમાન્ડ જાણે છે.

# ઘટેલ યાદશક્તિ

**સહેજ મલકીએ!**

અનંત પટેલ



ગમે તે કારણ બન્યું હોય પણ મોહનલાલ નિવૃત્ત થયા પછી તેમની યાદ શક્તિ પર ઘણી ખરાબ અસર થઈ હોય એમ લાગતું હતું . જો કે એનો અણસાર તો એમને નિવૃત્તિના છ આઠ મહિના પહેલાં જ આવી ગયેલો. એમને એમનું કામ યાદ ન રહે એ તો એ ચલાવી લેવાય પણ કોઈ માણસ સામે મળે, ને મલકીને એમને

‘કેમ સાહેબ?’ એમ કહે ત્યારે ય એ એને ઝટ ઓળખી ન શકે અને એમની સામે ઘડીભર પ્રશ્નાર્થ નજરે જોઇ જ રહે એટલે પાછી પેલી વ્યક્તિ બોલે, ‘કેમ મને ના ઓળખ્યોને ?’ ત્યાર પછી ય એમને કંઈ યાદ ન આવે એટલે એમણે છ સાત સરકારી ખાતાઓમાં નોકરી કરેલી હતી એના આધારે એ તરત પૂછી નાખે, ‘ઓહો હો, તમે તો ફોરેસ્ટમાં કેમ ?’

એટલે પેલા ભાઈ તરત બોલે , ‘શું સાહેબ તમે ય, અમે તો શિક્ષણવાળા...કેમ તે દિવસે આપણે મીટીગમાં મળેલાને...’

એ વખતે તો મોહનલાલ ‘અરે હા હા’ કહીને વાત બીજે પાટે ચડાવી દે પણ પછી એમને મનમાં એક વસવસો થયા કરે કે આવું કેમ થતું હશે ? ખરેખર તો આવું ના થવું જોઈએ. ના ના આમ થવાથી સામેના માણસને કેવું લાગતું હશે ? આનો કંઈક ઉપાય કરવો જ જોઈએ એમ વિચારીને મોહનલાલે તે પછી કોઈ પણ માણસ તેમને બોલાવે કે દૂરથી તેમની સામે જોઈને હાથ હલાવે તો એ ઓળખે કે ન ઓળખે, પણ સામો હાથ હલાવી દેતા. આમાં પહેલાં તો એમને રાહત જેવું લાગ્યું પણ પાછળથી એવું બનવા લાગ્યું કોઈ વ્યક્તિ તેમની સામે હાથ ન હલાવતી હોય કે તેમની સામે જોઈને એ ન હસતી હોય પણ મોહનલાલની આજુબાજુમાં ઉભેલા કોઈ ભાઈ કે બહેનને જોઈને એ એમ કરતા હોય તો પણ એ એની સામે હસી લેતા અને નજીક હોય તો જઈને હાથ મિલાવતા. આ સંજોગોમાં પેલી વ્યક્તિ પ્રશ્નાર્થ નજરે એમને પૂછતી.

‘સાહેબ ઓળખાણ ના પડી ...!! મેં તમને તો નથી બોલાવ્યા..હોં ...’ હવે ભોંઠા પડવાનો વારો મોહનલાલનો આવતો. એ વખતે તો એ ગમે તેમ ગાડુ ગબડાવી દેતા. પણ મોહનલાલની ઘટેલી યાદશક્તિ આમ ઘણી વાર મૂંઝવણ પેદા કરી દેતી હતી. કોઈ વ્યક્તિને ઓળખવાની બાબતમાં તો એમ માની લઈએ કે એમને નોકરી દરમિયાન સંખ્યાબંધ લોકો મળ્યા હોય તેથી સ્વાભાવિક છે કે બધાના ચહેરા એમને યાદ ન રહે પણ ધીરે ધીરે ઘરમાં ય ઘણી બધી બાબતો ભૂલી જતા હતા જેવી કે - ● પોતે જે રુમમાં બેઠા હોય ત્યાંથી ઉભા થઈને બહાર આવે ત્યારે એ રુમનો પંખો લાઈટ બંધ કરવાનું ભૂલી જવું... ● પેપરવાળો એનું બિલ લઈ જાય તો એ પત્નીને કહેવાનું ભૂલી જવું... ● પત્ની બહાર ગયેલાં હોય એ દરમિયાન એમના કોઈ સગા કે બહેનપણીનો લેન્ડલાઈન પર ફોન આવ્યો હોય તો એ કહેવાનું ભૂલી જવું,.. ● કોઈ સગાવહાલાનાં છોકરાનાં નામ ભૂલી જવાં...વગેરે વગેરે.. આવું થવાના લીધે મોહનલાલ ટેન્શનમાં રહેવા લાગ્યા. વળી આવા ટેન્શનને લીધે એ બીજું ય ઘણું બધુ ભૂલી જવા લાગ્યા. આવું થવાને કારણે મોહનલાલ પછી તો એકલા બેઠા હોય ત્યારે એ કોઈ જાણીતા ખેલાડી, હીરો, હીરોઈન, કે એમણે જેમના હાથ નીચે નોકરી કરેલી હોય તેવા કોઈ બોસનો ચહેરો એ યાદ કરવા લાગતા. ને એમાં ઘણી વાર એ ચહેરો કે એ વ્યક્તિનું નામ યાદ ન આવે તો એ બેચૈન બની જતા ને પછી થોડી વાર પછી એ ચહેરો કે નામ અચાનક જ યાદ આવી જતું ત્યારે એ ખુશ ખુશાલ થઈ જતા. આમ ખરેખર તો એમની યાદશક્તિ જતી રહી ન હતી પણ એમાં ક્યારેક ટેમ્પરરી મેમરી લોસ જેવું લાગતું હતું . આના ઉપાય તરીકે એમણે મગજને દરેક ઘટના/સમાચાર યાદ રાખવા માટે સજ્જ કરવાનું નક્કી કર્યું ને એમાં એમને ધારી સફળતા પણ મળી ખરી...આમાં એમને વધારે સફળતા તો ત્યારે મળી કે એક વ્યક્તિ કે જેને તે ઓળખતા હતા તે રસ્તામાં સામા મળ્યા તો મોહનલાલ તેમની સામે જોઈને મલકાયા

‘કેમ છો ?’ એવું પૂછ્યું ય ખરું તો ય પેલા સજ્જન જાણે ઓળખતા જ ના હોય એમ પાસે આવીને બોલ્યા , ‘કંઈ ઓળખાણ પડી નહિ હોં સાહેબ....આપણે ક્યાં ભેગા થયેલા ?...’ આવો સવાલ સાંભળીને મોહનલાલને થયું યાદદાસ્ત તેમણે એકલાએ જ ગુમાવી નથી. પોતાના જેવા બીજા પણ છે એમ જાણીને એમના મનને અદભૂત શાંતિનો અનુભવ થયો. તેમ છતાં નિવૃત્તિ પછી જીવનમાં માણસે ઘણા બધા ફેરફારો કરવા પડતા હોય છે તે પૈકી બનેલી ઘટનાઓ કે મળેલી વ્યક્તિઓના ચહેરા-નામ વગેરે તો પ્રયત્નપૂર્વક યાદ રાખવું જ પડે છે તે પણ ખૂબ મહત્વનું તો છે જ... અને ન યાદ રહે તો પણ એનું કશું ટેન્શન કરવું નહિ, કેમ કે એમાં એમને કંઈ નુક્સાન તો થવાનું નથી જ.

મો.૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# બાબુભાઇ જશભાઇ પટેલ : ગાંધીયુગના મશાલચી

**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી



ગાંધીનગરમાં નજરે જોયેલા બે પ્રસંગો કદી વિસરી શકાય તેવા નથી. દેશમાં કટોકટી જાહેર કરવામાં આવી ત્યારનો સમય છે. દેશમાં જ્યારે નાગરિક સ્વાતંત્ર્ય સામે પડકાર ઊભો થયો ત્યારે ગાંધીનું ગુજરાત એક અલગ આઈલેન્ડ થઈને ઉન્નત મસ્તકે જૂદી ભાત પાડીને ઊભું રહ્યું હતું. અહીંની તત્કાલિન રાજ્ય સરકારે નાગરિકોના મૂળભૂત અધિકારોનું જતન કરવા સમજપૂર્વકનું કમીટમેન્ટ કર્યું તથા જાળવ્યું. આ દિવસોમાં જ મહારાજ (રવિશંકર મહારાજ)નું એક પ્રવચન ગાંધીનગરમાં એમએલએ કેન્ટીન તરીકે જાણીતા એક સ્થળે ગોઠવવામાં આવ્યું હતું. મારી જેવા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સહીત કેટલાક વરિષ્ઠ નાગરિકો અને સરકારી અધિકારીઓ મહારાજની વાણીનો લાભ લેવા હાજર હતા. ભારતીય બેઠક વ્યવસ્થા હતી. મહારાજ પોતાના અંતરની વાત કોઈ કૃત્રિમ આરોહ - અવરોહ સિવાય સહજ રીતે કરતા હતા. સાંભળનારા સૌ વાણીના આ નૈસર્ગિક પ્રવાહમાં ખેંચાતા હતા. એવામાં એકાએક મહારાજ અટકે છે. પ્રવચનના પ્રવાહને થોડી ક્ષણો માટે રોકીને ધીમા સ્વરે કહે છે : ‘‘આવો ! બાબુભાઈ’ ફરી પાછો મહારાજની વાતનો દોર આગળ વધે છે. અમે શ્રોતાઓએ પાછળ ફરીને જોયું તો ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ નાના એવા શ્રોતાગણના સમુહમાં સૌથી પાછળ જગા હતી ત્યાં બેઠા હતા. મુખ્યમંત્રી આવ્યા હતા પરંતુ ન કોઈ સાઈરનનો ઘોંઘાટ કે વર્દીધારીઓની ચહલપહલ. આજના સંદર્ભમાં માત્ર ચાર - સાડાચાર દાયકા પછી આ વાત કોઈના ગળે ન ઉતરે તો તે તેનો દોષ નથી. આપણે આપણું ‘કલ્ચર’ બદલ્યું છે. ખેર, તેના સાચા - ખોટાપણાનો ચૂકાદો તો ઈતિહાસ આપશે. કવિ ઉમાશંકર જોશીના અર્થસભર શબ્દો ઉપર નોંધી છે તે ઘટનાના સંદર્ભમાં યાદ આવે :

‘‘ને ધૂરા વહે જનતાની
જે અગ્રિણો, તે પંગતે હો
સહુથીએ છેલ્લા’’

આવીજ બીજી સ્મૃતિ એટલે બાબુભાઈની સરકારની વિદાય પછીના બીજા કે ત્રીજા દિવસની ઘટના. ગાંધીનગરના સેકટર સત્તર- બાવીસના બસ સ્ટેન્ડ પર અમે કેટલાક મિત્રો બસની રાહ જોઈને ઊભા છીએ. એસ.ટી.ની એક બસ આવે છે. તેમાંથી આ સ્ટેન્ડ પર ઉતરનારાઓમાં એક વ્યક્તિ તરત ધ્યાને ચડે છે. જે ત્રણ ચાર દિવસ પહેલાજ ગુજરાતના મુખ્યમંત્રી હતા તે બાબુભાઈ સ્વચ્છ સફેદ ખાદીના વસ્ત્રોમાં હાથમાં કપડાની એક થેલી લઈને ઉતરે છે. અમે આશ્ચર્ય ભાવ સાથે નમસ્તે કહીએ છીએ. આછા સ્મિત સાથે બાબુભાઈ હાથ જોડીને નમસ્તે કહીને પ્રત્યુત્તર વાળે છે. ત્યારબાદ સેકટર-૨૨ તરફ ચાલતા થાય છે. ગાંધીનગરના સેકટર-૨૨ માં તેમનું રહેણાંક હતું. જે રાજ્યમાં ગાંધીએ જન્મ લીધો હોય ત્યાં શાસકોની સાદગી તથા નિર્લેપતા માન્યામાં ન આવે કે અવ્યવહારુ લાગે તો કદાચ આપણે બાપુના વિચારોને – આચરણને વિસરી ગયા છીએ તેમ કહી શકાય. અલબત્ત, ગાંધી જેવા મહાપુરુષોના પૂતળા જરૂર ઊભા કરીએ છીએ પરંતુ તે નિર્જીવ છે. ગાંધીની ચેતના તેમના વાણી – વર્તનમાં ધબકે છે, પૂતળા કે બે મિનીટના મૌનની શ્રધ્ધાંજલીથી ગતાનુગતિક વિધિ જરૂર થતી હશે. તેનું પણ એક મૂલ્ય હશે. પરંતુ પૂરા ગાંધી આવી કોઈ વિધિ કે પ્રક્રિયામાં ઝીલાતા નથી. આ સંદર્ભમાં ઉશનસના શબ્દો યાદ આવે છે :

જે કાળ કેરો સાંઢ
શ્રુંગેથી ગ્રહી હાંકી ગયા,
તે આટલા વખતે હવે
બસ બે મિનીટનું મૌન.

બા. જ. પટેલ ગુજરાતને મળ્યા તે રાજ્યનું સદભાગ્ય છે. તેમના વામન સ્વરૂપમાં વિરાટ વ્યક્તિત્વનું દર્શન થાય છે. નવમી ફેબ્રુઆરી ૧૯૧૧ ના દિવસે જન્મીને વીસમી ડીસેમ્બર ૨૦૦૨ સુધીનું ઘટના સભર જીવન જીવી જનાર બા.જ. ની વિશેષ સ્મૃતિ ફેબ્રુઆરીમાં અનેક લોકોને થતી રહે છે. સહજાનંદ સ્વામી અને મહાત્મા ગાંધીના જીવન તેમજ ઉપદેશની ઊંડી છાપ આ મહાપુરુષમાં હમેશા જોઈ શકાતી હતી. ‘‘શિક્ષાપત્રીને ચરિતાર્થ કરનાર આ સાધુ પુરુષ હતા.’’

(મનુ પંડિત)

કચ્છના સપુત કુન્દનલાલ ધોળકીયાએ લખ્યું છે : ‘‘૧૯૫૮માં બ્રિટનના વડાપ્રધાન હેરોલ્ડ મેકમિલન હતા. તેઓની પ્રધાનમંત્રી પદની મુદત પૂરી થયા પછી લંડન શહેરની બસની ક્યૂમાં જોવા મળતા હતા. મને થયું, ભારતમાં આવું બને ?લ્લ્લ ખરેખર એવુંજ બન્યું. કુન્દનલાલભાઈ સાથે વાતચીત કરવાના ઘણાં અવસર કચ્છના જિલ્લા વિકાસ અધિકારીની મારી કામગીરી દરમિયાન સદભાગ્યે મળ્યા હતા. તે સમયે તેઓ બાબુભાઈની વાતો કરતા ભાવુક થઈ જતા હતા.

નાના કે મોટા શાસન તંત્રોમાં દમામ કે ખર્ચાળ ભપકા ઉમેરાય તો તેની ‘ડીલીવરી સીસ્ટર’ સુધરે છે ખરી ? તેવો અનુભવ થયો હોય તેવી માન્યતા નથી. કારણકે તેની પ્રતિતિ થતી નથી. સામી બાજુ બાબુભાઈ કે સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈને જોયા પછી એમ લાગે છે કે લોકોના નાણાં વાપરવામાં વાજબી કરકસર કરીને પણ લોકોની ઉત્તમ સેવા થઈ શકે છે. આ પ્રકારનુંજ ગુજરાતનું એક બીજુ જ્વલંત ઉદાહરણ છે. સરદાર પટેલના સ્વપ્નને સાકાર કરવા ભાઈકાકાએ વલ્લભવિદ્યાનગરના નિર્માણ માટે ધૂણી ધખાવી. દેશના આ એક મહાન સમર્પિત ઈજનેરની કચેરી મોટાભાગે એક વિશાળ વૃક્ષ નીચે ઢાળેલા ખાટલા પર ચાલતી હતી. તેમની નિષ્ઠા કે કાર્યક્ષમતા સાધન સગવડની મહોતાઝ ન હતી. જરૂરી સાધન સુવિધાઓ પરત્વે અણગમો ન હોય પરંતુ તેના અતિરેકને પ્રજા પૈસે થતાં જાહેર વહીવટમાં ટાળવા જેવો ખરો. આ ‘ગુજરાત મોડેલ’ એ બા.જ. – ઢેબરભાઈ કે ભાઈકાકાની દેણગી હતી. ડૉ. વર્ગિઝ કુરિયને તેમના તા.૨૦-૧૨-૨૦૦૨ના પત્રમાં ગિરાબહેન (બાબુભાઈના પુત્રવધુ)ને લખ્યું કે ‘‘બાબુભાઈ ખરા ગાંધીઅન હતા’’ ૧૯૭૯ના મોરબી પૂર સંકટમાં લોકોની વચ્ચે રહીને કાર્યક્ષમતાથી કામ કરનાર બા. જ. પટેલને ગુજરાત કદી પણ વિસરી શકે તેમ નથી.

# ગાંધીની કેળવણીમાં બોજો ઉપાડવાની શ્રેષ્ઠ તાલીમ

**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની



## ગામડાના ઉદ્ધારની ચાવી ‘પાયાની કેળવણીમાં’

ગાંધીના શિક્ષણ વિષયક વિચારો - ભારતીય સમાજ માટે આવશ્યક એવી શિક્ષણ વિષયક પાયાની કેળવણી અનેક કારણોસર ભારતમાં આઝાદી પહેલા અને આઝાદી પછી પણ સ્વીકૃત બની શકે એવા પ્રયાસો સરકાર કક્ષાએ, સંસ્થાગત કે વ્યક્તિગત રીતે પણ એના પાછળ ધ્યાન અપાયું નહીં. કદાચ એટલે જ શિક્ષણ વિષયક પ્રશ્નો આપણે વધારે પ્રમાણમાં જોઈએ છીએ અને જયાં શિક્ષણના પ્રશ્નો હોય ત્યાં સ્વાભાવિક છે કે સમાજની અનેક સમસ્યાઓનું મૂળ કારણ આ છે.

ગાંધીની કેળવણીના માર્ગો જે સંસ્થા ચાલી ત્યાં કેવા પરિણામો સર્જાયા એની વિગતો જોવા જેવી છે. આવો એક અહેવાલ આ મુજબ છે :

‘શાળાકીય જીવનની બાબતમાં કહીએ તે, અમને બાળકે અને શિક્ષકોને કામ કરતાં જોવાની ઘણું તને મળી હતી, અને અમને સંતોષ થયો છે કે, શાળાનો કાર્યક્રમ એવી રીતે ગોઠવવામાં આવ્યું છે કે જેથી બાળકોને સહકારની રીતે મળીને કામ કરવાની અને ભેગી જવાબદારીમાં પિતાને ફાળે આવતે બોજો ઉપાડવાની તાલીમ મળે છે.’

બિહારના આ અખતરાના કામકાજ અંગે બહારના સ્વતંત્ર અભિપ્રાયો પણ એવું જ કહે છે. ૧૦ મધર કલેરીસિયા, કે જે પટનાની વિમેન્સ કોલેજનાં મધર સુપીરિયર તથા પિતે કેળવણીકાર છે, તે લખે છે :

‘ચંપારણના પસંદ કરેલા વિભાગની ૧૩ વર્ધશાળાઓની મેં મુલાકાત લીધી... મેં જે જોયું તેની મારા ઉપર ભારે અસર પડી. બધા વિદ્યાથીએ જે સાહજિક છૂર્તિથી કામકાજ કરી રહ્યા હતા, તે મારે માટે એક આશ્ચર્યરૂપ હતું. ઈંદ્રિયની કેળવણી દ્વારા તેમની શક્તિઓને જે સર્વતોમુખી વિકાસ થતો હતો, તે એક ભારે સિદ્ધિ હતી. આત્મવિકાસ, પિતાના વિચારો વ્યક્ત કરવાની શક્તિ, તથા બદલાતા સંજોગોને અનુકૂળ થવાની આવડત, એ આ તાલીમની કેટલીક મુખ્ય વિશેષતાઓ હતી. કેળવણીના ત્રણ મુખ્ય મુદ્દાઓ - લેખ, વાચન અને ગણિત, તેમના ઉપર પણ સંતોષકારક કાબૂ મેળવવામાં આવ્યા હતા. અમારા જવાથી બાળકોમાં ડઘાઈ ગયાને કે શ થઈ ગયાનો ભાવ દેખાય નહીં ; પરંતુ બધી જાતના કામકાજમાં હરખને આનંદ, અને પિતાની હાથ મહેનતમાં ફૂર્તિભર્યા ગર્વ વ્યાપેલા જોવામાં આવ્યા... સહકારથી મળીને કામ કરવાની ભાવના તથા પિતાની સાથી આગેવાનના હુકમે અને ખ્યાલને અનુરૂપ થઈ જવાની તત્પરતા, એ વસ્તુઓ ધ્યાન ખેંચે તેવી હતી. હું અંતઃકરણ પૂર્વક માનું છું કે, હિંદુસ્તાનનાં ગામડાંને ઉદ્ધાર અને આમજનતાની નિરક્ષરતાની ચાવી આ ‘‘પાયાની કેળવણી માં રહેલાં છે. દરેક ગામમાં આ જાતની શાળા કાઢે, અને થોડાં વર્ષમાં તેનાં પરિણામે પોતે જ બેલી ઊઠશે.’’

આવો જ પુરાવા કાશ્મીર રાજયમાંથી પણ મળે છે ત્યાં તો આ અખતરો ત્યાનાં જાહેર કેળવણી ખાતાના ડિરેકટર કાળજીભરી દેખરેખ હેઠળ અમલમાં મૂકાયો છે. તે પોતે એક શિક્ષણશાસ્ત્રી છે, અને પોતાનું કામ બરાબર સમજે છે.

(૧૯૩૮થી ૧૯૪૨ સુધીનાં પાંચ વર્ષ સુધી કરવામાં આવેલા કામકાજનો કાશ્મીરનો અહેવાલ બીજી બાબતો સાથે જણાવે છે કે -

શિક્ષક અને નિરીક્ષક અમલદાર તરફથી મહેલા અહેવાલો બતાવે છે કે પાયાની કેળવણીની શાળાઓ સામાન - રીતે નિશ્ચિત કરેલા સમન્વિત અભ્યાસક્રમને બુદ્ધિપૂર્વક પહોંચી વળી શકી છે. તથા જુદી જુદી શ્રેણીનાં બાળકોએ કેળવણીની બાબતમાં જે કુશળતા પ્રાપ્ત કરી છે, તેનું ધોરણ ઉત્સાહપ્રેરક છે. સૂક્ષ્મ નિરીક્ષણ કરી શકે તેવા પ્રખ્યાત કેળવણીકારએ તેમ જ બીજા સંમાનિત મહેમાનોએ આ શાળાની મુલાકાત લેવા બાદ સાક્ષી પૂરી છે કે, આ પેજના પ્રમાણે કેળવણી પામતાં નામ બીજી સામાન્ય શાળાનાં બાળકો કરતાં ઘણી વારે માનસિક હતા અને કેળવણીને લગતી અભિજ્ઞતા જોવામાં આવે છે. કેટલાક દાખલાઓમાં તે, ન ગાંઠે તેવા ગણાતા છોકરાએ પણ કુશળતાનાં ધોરણોને ક્યાંય વટાવી ગયા છે. પોતાના વિચારો વ્યક્ત કરવાની શક્તિ અને ગણિતવિદ્યાની બાબતમાં વિશ્વાસ રીતે બીજી ચાલુ શાળાઓના વિદ્યાર્થીઓ કરતાં શ્રેષ્ઠ પુરવાર થયા છે. હાથ-ઉદ્યોગ, કે જેને અમારી પાયાની કેળવણીવાળી શાળાઓમાં કદી સંકુચિત અર્થ સમજવામાં નથી આવતું, તે એક હદ સુધી બાળકોમાં ભણવાને રસ ઉત્તેજવામાં તથા ટકાવી રાખ્યામાં સફળ નીવડ્યો છે કે, જે માત્ર પુસ્તકિયા કેળવણીના વાતાવરણમાં શક્ય નથી. મંજુરી માટેના એક સપ્તાહ દરમ્યાન પાયાની કેળવણીવાળી શાળાઓના વિદ્યાર્થીઓએ નવા રસ્તા બાંધ્યા છે, જૂના સમાર્યા છે, કુવા, ઝરણું અને વાવ સાફ કર્યા છે, તથા ઘરની મોરીઓ તથા નેવાનાં પાણીના નિકાસ માટે ગટરો ખોદી છે.’

ગાંધીની કેળવણી શાળા-કૉલેજોમાં દાખલ કરવી આજે પણ જરૂરી નથી લાગતી.